# હોળી-ધૂળેટીના તહેવારમાં શ્રમજીવીઓ વતનની વાટે

## મકાન બાંધકામના કામકાજોમાં રૂકાવટ




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૪

દેશભરમાં હોળીનો તહેવાર તમામ લોકો જ્ઞાતિભેદ દુર રાખી આનંદભેર ઉજવે છે જેમાં રાજસ્થાનમાં હોળીનો તહેવાર અતિ લોકપ્રિય છે અને તે કારણે ગુજરાત કે અન્ય રાજયમાં વસતા રાજસ્થાની લોકો આ તહેવાર નિમિત્તે અવશ્ય વતનમાં જાય છે. ગુજરાતમાં મોટે ભાગે મકાન બાંધકામની કામગીરીમાં રાજસ્થાની શ્રમજીવી ટુકડીઓ હોય છે જે હાલમાં વતન તરફ વળી છે ત્યારે મકાન બાંધકામની કામગીરીમાં રૂકાવટ આવી જશે. જો કે મોટી સંખ્યામાં માર્ગો ઉપર આ લોકોનો ધસારો રહેતા જીવના જોખમે પણ મુસાફરી કરી વતન પહોંચવા થનગને છે.

રાજસ્થાન એક એવું રાજય છે જયાં હોળી એ તમામ તહેવારોમાં સૌથી લોકપ્રિય તહેવાર છે. નાના-મોટા, વૃધ્ધો અને મહિલાઓ સહિત તમામ લોકો આ તહેવારને રંગે ચંગે મનાવે છે. હાલમાં દરેક રાજયમાંથી રાજસ્થાન તરફ જતા તમામ વાહનો રાજસ્થાની મુસાફરોથી ભરપુર બન્યા છે. દેશના ખુણે ખુણે રાજસ્થાની મળી આવે છે તેઓ રસોઈ, મકાન, બાંધકામ તથા શ્રમ કરવામાં અવ્વલ નંબરે હોય છે તેમજ તેમની કામ પ્રત્યેની નિષ્ઠા અને ઝડપ થકી જે તે સ્થળે અનિવાર્ય બની ગયા છે. જેથી ગુજરાત રાજયમાં મકાન બાંધકામની કામગીરીમાં મોટા પાયે આ લોકો કામ કરતાં હોય છે અને વિશાળ સમુહમાં કામ કરે છે ત્યારે હાલમાં હોળીના પર્વ નિનિત્તે તેઓ વતન જવા લાગ્યા છે ત્યારે મકાન બાંધકામના કામો અટકી ગયા છે. વધુમાં હોળી પર્વમાં વતન જતા આ લોકો લાંબો સમય વતનમાં રહેતા હોય છે તેથી પંદર દિવસ કે તેથી વધુ સમય સુધી આ તમામ કામ કાજ ઠપ્પ થઈ જવાની શકયતા છે.

# પંચદેવ મંદિરે આજે કપૂર એલચી ઔષધિઓથી મહામૃત્યુંજય યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૪

સેકટર-૨૨ પંચદેવ મંદિરમાં સ્વાઈન ફલુ રોગથી નગરજનો મુકત થાય તે જાટે આજ રોજ ગુરુવારે મહામૃત્યંજય યજ્ઞ કરવામાં આવશે. યજ્ઞમાં કપૂર, એલચી સહિતની ઔષધિઓ હોમવામાં આવશે.

ગાંધીનગર સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે સવારે ૯ થી ૧ દરમિયાન મહામૃત્યુંજય યજ્ઞ કરવામાં આવશે. છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફલુ રોગે રાજયને અને શહેરને બાનમાં લીધું છે. રોજ એક બે કેસ સામે આવી રહ્યા છે. નગરજનોને સ્વાઈન ફલુ રોગથી મુકિત મળે તે માટે આજ રોજ ગુરુવારે સ્વાઈન ફલુ રોગને નાશ કરવા અને શિવજીને પ્રસન્ન કરવા માટે ગુગળ, કપૂર, એલચી સહિતની ઔષધિઓથી મહામૃત્યુંજય યજ્ઞ કરવામાં આવશે. હોલીકા દહનની સાથે સાથે સ્વાઈન ફલુ રોગનું દહન થાય તે માટે યજ્ઞ યોજાશે. યજ્ઞમાં નગરજનોને ઉપસ્થિત રહેવા યજ્ઞના આચાર્ય નીલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું છે.

# પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી ૭મીએ પદભાર સંભાળશે

ગાંધીનગર, તા.૪

પ્રદેશ કોંગ્રેસના નવનિયુકત અધ્યક્ષ ભરતસિંહ સોલંકી આગામી તા. ૭મી માર્ચને શનિવારના રોજ પ્રદેશ અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળશે.

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસને મળેલા કારમા પરાજય બાદ અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષ તરીકેના કાર્યકાળની મુદત પુરી તાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષની નવી નિમણુંક અંગે ઘણા સમયથી અટકળો ચાલતી હતી.

આખરે બે દિવસ અગાઉ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાના રાજીનામાનો કોંગ્રેસ મોવડીમંડળે સ્વીકાર કરીને નવા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે વરણી થતા ભરતસિંહ સોલંકી આગામી ૭મી માર્ચના રોજ અમદાવાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પોતાનો પદભાર સંભાળશે. ભરતસિંહ સોલંકી પ્રદેશ અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળનાર હોઈ આ સમયે તમામ ધારાસભ્યોને ઉપસ્થિત રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

# ઈન્દિરા ગાંધી આવાસ યોજના અન્વયે ૫ વર્ષમાં ૩૭૪૪ મકાનો બંધાયા

## દેવું વધી જવાના લીધે ૧ ખેડૂતની આત્મહત્યા

## ગ્રામસેવકોની ૧૧૧ મંજુર જગ્યા સામે ૫૮ ખાલી

**વિધાનસભામાં ગાંધીનગર** - ધનંજય જોષી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં ઈન્દિરા ગાંધી આવાસ યોજના અન્વયે ૩૭૪૪ આવાસો બાંધવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૯-૧૦માં સૌથી વધુ ૨૩૪૧ આવાસો તૈયાર કરવામાં આવ્યા હતા જયારે ગત વર્ષ દરમિયાન માત્ર ૩૨ આવાસો જ બાંધવામાં આવ્યા હતા.

વિધાનસભાની અતારાંકિત પ્રશ્નવહીમાં ઈન્દિરા ગાંધી આવાસ યોજના સંદર્ભેના પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે જણાવ્યા મુજબ છેલ્લા ૫ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા ગાંધી આવાસ યોજના અન્યવે કુલ ૩૭૪૪ આવાસો બાંધવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૩૪૧, વર્ષ ૨૦૧૦-૧૧માં ૫૬૧, વર્ષ ૨૦૧૧-૧૨માં ૪૬૬, વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦૦, વર્ષ ૨૦૧૪માં ૩૨ અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૧જુલાઈની સ્થિતિએ ૨૪૪ આવાસો બાંધવામાં આવ્યા છે. વિરમગામના ડૉ. તેજશ્રીબેન પટેલના પ્રશ્ન સંદર્ભે પણ કૃષિમંત્રીએ રજૂ કરેલા જવાબમાં ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૫ વર્ષમાં દેવું વધી જવાના લીધે ૧ ખેડૂતે આત્મહત્યા કરી છે. જયારે સમગ્ર રાજયમાં ખેડૂત આત્મહત્યાના ૮૯ બનાવો નોંધાયા છે. જિલ્લાવાર ગ્રામ સેવકોની જગ્યાઓ સંદર્ભે ગાંધીનગર જિલ્લામાં ગ્રામસેવકોની ૧૧૧ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ૫૮ જગ્યાઓ ખાલી છે.

**કલોલ તાલુકામાં ૫૬ બાળકોને હૃદય, કીડની અને કેન્સરની બિમારી**

કલોલ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં ૧,૭૨,૬૩૨ બાળકોની તપાસ કરવામાં આવી હતી. કલોલના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે આરોગ્યમંત્રીએ રજૂ કરેલા જવાબમાં જણાવ્યા મુજબ આરોગ્ય તપાસ દરમિયાન ૫૬ બાળકો ગંભીર બિમારી ધરાવતા હોવાનું ધ્યાને આવ્યું હતું. હૃદય, કીડની અને કેન્સર જેવી ગંભીર બિમારી ધરાવતા આ બાળકોને અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા, ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ટીચર્સ સેન્ટર અને એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાં વિના મુલ્યે ઓપરેશન સહીતની સારવાર આપવામાં આવી રહી છે.

**એક વર્ષમાં શહેરમાં ૨૬.૨૦ કરોડના રસ્તાના કામો**

છેલ્લા એક વર્ષમાં ગાંધીનગરમાં રસ્તાના કુલ ૧૨ કામોને જોબ નંબર આપવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં માર્ગ મકાન મંત્રીએ રજૂ કરેલા જવાબમાં જણાવ્યા મુજબ શહેરમાં રસ્તાના ૧૨ કામો માટે કુલ રૂ. ૨૬.૨૦ લાખની રકમના જોબ નંબર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે રજૂ કરેલા પ્રશ્નના ઉત્તરમાં વિભાગના મંત્રીએ જવાબમાં જણાવ્યું હતું કે થલતેજ-શીલજ-રાંચરડાના માર્ગની ડામર-પેવર-સપાટી પાછળ હજુ કોઈ ખર્ચ થયો નથી. અંદાજિત રૂ. ૫૬૬.૮૧ લાખનો ખર્ચ થશે. કામગીરીની ગુણવત્તા સામે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

**પેથાપુર-મહુડી માર્ગ પાછળ અત્યાર સુધી ૯૪૨.૮૭ લાખ ખર્ચાયા**

પેથાપુર મહુડી માર્ગને ફોરલેન કરવા અત્યાર સુધીમાં ૯૪૨.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.કલોલના ધારાસભ્ય બળદવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં પાટનગર યોજના વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં ૯૪૨.૮૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે આ કામ માટે રૂ. ૮૪૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવી છે. રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ હોવાથી ડામર-પેવર સપાટી તૂટી જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જિલ્લાના ૩૨,૧૨૧ બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ**


જિલ્લામાં ૩૨,૧૨૧ બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું હતું કે તાલુકાવાર ૨૫ ટકા જેટલા કુટુંબોને આ યોજનાનો લાભ મળતો નથી. તે વાત સાચી નથી. છેલ્લા બે વર્ષમાં દહેગામ તાલુકાના ૮૭૫૯, ગાંધીનગરના ૭૧૩૯, કલોલના ૭૦૫૪ અને માણસા તાલુકાના ૯૧૬૯ મળી કુલ ૩૨,૧૨૧ કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળ્યો છે.

# આદ્યશકિત સંસ્કૃતિ મંડળ સેકટર-૭-ડી દ્વારા પરંપરાગત હોળી પર્વની ઉજવણી

આદ્યશકિત સાંસ્કૃતિક મંડળ, સેકટર-૭-ડી, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ગુરુવાર તા. ૫-૩-૨૦૧૫ના રોજ સાંજના ૭.૩૦ કલાકે આદ્યશકિત ચોકમાં પરંપરાગત રીતે હોળી પ્રગટાવવામાં આવશે. સૌ નગરજનોને દર્શનનો લાભ લેવા મંડળનું હાર્દિક નિમંત્રણ છે. દર્શન બાદ ધાણી ખજુરના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ છે. સ્વાઈન ફલુના રોગના ફેલાવાને ધ્યાનમાં લઈ શકય હોય ત્યાં સુધી માસ્ક પહેરીને આવવા વિનંતી અને વાતાવરણની શુધ્ધતા જાળવવા ઓછામાં ઓછી બે કપુરની ટીકડી દર્શનાર્થીઓ હોળીને અર્પણ કરે તેવી અપીલ કરવામાં આવી છે.

## સંસ્કાર ગૃપ ઈકો ફ્રેન્ડલી ધૂળેટી મનાવશે

સંસ્કાર ગૃપ ગાંધીનગર ઈકો ફ્રેન્ડલી ધૂળેટીની ઉજવણી કરશે. સેકટર- ૭ બગીચા ખાતે તા. ૬ માર્ચ શુક્રવાર સવારે ૮ થી ૯ દરમિયાન ધૂળેટી મનાવશે. રંગોના આ તહેવારમાં સંસ્કાર ગૃપે નગરના બાળકોને ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. કેસૂડા અને ચંદનના રંગોથી ધૂળેટી મનાવવામાં આવશે તેમજ તમામ બાળકોને ખજૂર અને ધાણી આપવામાં આવશે તેમ ગૃપના પ્રમુખે જણાવ્યું છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા આદિવાસી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં પી.એસ.આઈ., એ.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ ઉમેદવારોની નિઃશુલ્ક ટ્રેનિંગ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે પી.એસ.આઈ., એ.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ ઉમેદવારોની નિઃશુલ્ક ટ્રેનિંગ કેમ્પના તાલિમ સંયોજક (નિવૃત ડી.વાય.એસ.પી.) ડી.બી.ડામોર, ડૉ.દિનેશચંદ્ર ચૌબીસા, બી.કે.ડામોર, પી.જે.અસારી, કે.ડી.ખરાડી, પ્રકાશભાઈ સડાત, પ્રભાતભાઈ ડામોર, બી.એન.ખાણમા સહિત સેવાભાવી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પી.એસ.આઈ., એ.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ ઉમેદવારોની લેખિત પરીક્ષાલક્ષી તાલીમ એક મહિના સુધી નિઃશુલ્ક આપવામાં આવશે. સમય બપોરે ૧થી સાંજે ૫ વાગ્યા સુધી રહેશે. ભિલોડા આદિવાસી આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ પટ્ટાંગણમાં પી.એસ.આઈ., એ.એસ.આઈ., પોલીસ કોન્સ્ટેબલ ઉમેદવારોની નિઃશુલ્ક ટ્રેનિંગ કેમ્પમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ ભાગ લીધો હતો. વધુમાં વધુ ઉમેદવારો તાલીમમાં જોડાય તેવી અપીલ કરવામાં આવી હતી.

# બ્રાહ્મણવાડા ગામ પાસે કાર ઓવરટેક કરવા બાબતે બે રાઉન્ડ ગોળીબાર થતા સનસનાટી

ઊંઝા, તા. ૪

ઊંઝા-સિદ્ધપુર વચ્ચે બ્રાહ્મણવાડા ગામે હાઈવે પર ઓવરટેઈક બાબતે ઉશ્કેરાયેલ મારૂતિ સિફ્ટ કારમાં બેઠેલ ઈસમોએ ઈનાવો મોટર કારને થોભાવી ચાલક અને સાહેદ સાથે ઝપાઝપી કર્યા બાદ એક ઈસમે રીવોલ્વર વડે ઈનોવા કારના ચાલક પર બે રાઉન્ડ ગોળીબાર કરી ગંભીર બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

મૂળ કર્ણાટક રાજયના બેંગલોરના વતની અને રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે આવેલ બ્રહ્માકુમારી આશ્રમમાં રહેતા બ્રહ્મકુમાર મૃત્યુંજય સદાશિવૈયા ઈનોવા મોટરકારમાં અમદાવાદથી માઉન્ટઆબુ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં ઊંઝા સિદ્ધપુર વચ્ચે બ્રાહ્મણવાડા ગામ પાસે રાત્રીના સવા અગિયાર વાગ્યાના સુમારે મારૂતિ સિફ્ટકારમાં આવેલ કોઈ અજાણ્યા ચાર જેટલા શખ્સોએ ઓવરટેઈક બાબતે ઈનોવા કારને થોભાવી હતી અને તેના ચાલક સાહેદ સુરેશભાઈ સાથે અચાનક ઝપાઝપી કરી મુક્કા માર્યા હતા.

આ સમયે અન્ય એક ઈસમે પોતાની પાસેની રીવોલ્વરમાંથી સુરેશભાઈ પર બે રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. જેથી તેમને શરીરના જમણા લમણા પર ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ આ ચારેય અજાણ્યા શખ્સો સિફ્ટકારમાં બેસીને ક્યાંક નાસી છુટ્યા હતા. ગુનેગારો ૨૫ થી ૩૦ વર્ષની વયના હતા અને તેઓએ શરીરે પેન્ટ શર્ટ પહેરેલા હતા. ગોળીબારમાં ઘવાયેલ વ્યક્તિને સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર સાથે સનસનાટી મચી ગઈ હતી. આ અંગે મૃત્યુંજય સદાશિવૈયાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ચાર અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ખૂનની કોશિશ અને હથિયાર એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં ચામડીના રોગોના દર્દીઓનો નિઃશુલ્ક નિદાન કેમ્પ અને દવાઓનું વિતરણ યોજાયુ

ભિલોડા,તા.૪

ભિલોડામાં ચામડીના રોગોના દર્દીઓનો નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પમાં દવાઓનું વિતરણ પરમ પુજ્ય સ્વ.નારાયણદાસ ચુનીલાલ સોનીના સ્મરણાર્થે ચામડીના રોગોના નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ચામડીના રોગોના દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો. ગાંધીનગરના ચામડીના રોગોના નિષ્ણાંત ડૉ.રાજ પટેલ અને તેમની સમગ્ર સેવાભાવી ટીમ અને ભિલોડા સુદર્શન કેમીસ્ટ, ગીરીશભાઈ સોની, અરવિંદભાઈ સોની, અશ્વિનભાઈ સોની ધ્વારા ચામડીના રોગોના દર્દીઓને નિઃશુલ્ક દવાઓનું વિતરણ કરાયું હતું.

## નજરાણું બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નર્સિંગ હોસ્ટેલ જેવી અદ્યતન સુવિધાઓ ઉપરાંત આયુર્વેદ હોસ્પિટલમાં ઓપરેશન થીયેટર, સ્ત્રી અને પુરૂષના અલગ અલગ વોર્ડ, બાળકો માટેના વોર્ડ જેવી અલગ સુવિધા પણ અહીં કરવામાં આવી છે.

પ્રશ્નોત્તરીમાં ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, શ્રીમતી નિર્મલાબેન વાઘવાણી, શ્રીમતી નિમીષાબેન સુથાર, શ્રી અમીત ચાવડા સહિતના ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો હતો.

## જાહેર નિવિદા

નાણા વિભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો નાણા વિભાગની વેબ સાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર દર્શાવ્યા મુજબ છે. તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવપત્રકો તા. ૧૮/૩/૨૦૧૫ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. આ કવર ઉપર 'ઝેરોક્ષ નકલો કરવાની કામગીરી બાબત' લખવું.

સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૧૯/૩/૨૦૧૫ના રોજ બપોરે ૪ વાગ્યે ખોલવામાં આવશે.

સહી/-
(કે. કે. ખત્રી)
ઉપસચિવ, નાણા વિભાગ

માહિતી/૨૫૫૩/૨૦૧૪-૧૪ બ્લોક નં. ૪/૯મે માળ, નવા સચિવાલય, ગાંધીનગર


## જાહેરાત

રાજ્ય સરકાર દ્વારા મંજૂરી મળ્યા બાદ અત્રેની કચેરીના મહેકમ પર આઉટ સોર્સીંગથી નિયુક્તિ માટે ગાંધીનગરની માન્યતા પ્રાપ્ત અને અનુભવી એજન્સીઓની પેનલ તૈયાર કરવા, તેઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ, તેઓ કયા પ્રકારનું મહેકમ કઈ શરતોને આધીન રહી પુરું પાડી શકે તેની સંપૂર્ણ વિગતો સાથે, અત્રે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં આ માટે દરખાસ્ત મોકલે તેવી વિનંતી.

**ગુજરાત સાહિત્ય અકાદમી**
**અભિલેખાગાર ભવન, પહેલો માળ**
**સેક્ટર-૧૭, ગાંધીનગર**

**સહી/-**
**મહામાત્ર**
**ગુજરાત સાહિત્ય અકાદમી**
**ગાંધીનગર**

## શબ્દાવલી - ૫૬૬૧



### આડી ચાવી

૧. બુરખો (૩)
૪. ષડ્યંત્ર, પ્રપંચ (૪)
૭. હવા, સમીર, વાયુ (૩)
૮. માખણ (૨)
૯. ઇચ્છા... આવવી, પુરી થવી, સફળ (૨)
૧૦. કયું? ખૂણો (૨)
૧૧. ન્યાયાધીશ (૨)
૧૨. ઓછું (૨)
૧૪. એક કાપડ (૪)
૧૬. ગોવાનો રહેવાસી (૩)
૧૭. ત્રાજવું (૩)
૧૮. મુદ્રિકા, રીંગ (૨)
૧૯. મુછનો દોરો હજુ ફૂટ્યો ના હોય તેવો યુવાન (૬)
૨૨. તરસ (૨)

### ઊભી ચાવી

૧. રાજા (૩)
૨. ડરપોક, બાયલો (૩)
૩. જોર, જુસ્સો (૨)
૪. જાદુ (૩)
૫. હિસાબનો ચોપડો (૨)
૬. રૂપથી પૈસા કમાતી સ્ત્રી(૫)
૧૦. નાજુક, કુણું (૩)
૧૨. અશક્ત (૪)
૧૩. બાળપણનો પરમ મિત્ર (૪)
૧૪. ગરજ, જરૂરિયાત, અર્થ(૪)
૧૫. ગંદુ (૩)
૧૮. આંકડાથી ડંખ મારતું એક જંતુ (૨)
૨૦. ચહેરો, વદન (૨)
૨૧. બોલી, વાણી (૨)

### શબ્દાવલી ૫૬૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આચરણ (૩) વિશાળ (૪) રતવા (૬) સમોવડુ (૯) પળ (૧૦) ખગ (૧૨) કલાઇ (૧૩) પુરવણી (૧૭) ટચ (૧૮) અલગ (૨૦) પુરણ (૨૧) હેલ્પ

**ઊભી ચાવી :-** (૨) આહાર (૨) રખેવાળ (૩) વિસામો (૫) તપ (૬) સહેલાણી (૭) વખ (૮) ડુંગર (૧૧) મા (૧૨) કવચ (૧૪) રટણ (૧૫) છબ (૧૬) દાપુ (૧૮) અલ્પ (૧૯) ગજ

**અંબિકા ઉપાસક જ્યોતિષ**
૧૫૧% કામની લેખિત ગેરંટી, ગુપ્તધનના જાણકાર નૂર-હજુરી ઈલમ અને તાંત્રિક વિદ્યાથી કામ
૭ કલાકમાં ખતરનાક મહા મોહિની વશીકરણ
શત્રુનાશ, લવપ્રોબ્લેમ, સૌતનમુક્તિ, એકતરફી પ્રેમ, દારૂ છોડાવવો, ધારેલી વ્યક્તિનું મિલનના સ્પેશ્યલ.
ખોટા વાયદા નહીં, ખોટા ખર્ચ નહીં, સમયથી પહેલા કામ
અશક્યને શક્ય કરનાર, પહેલા અને છેલ્લો ઉપાય ઘેરબેઠા કામ ● નિરાશ થયેલા ખાસ મળો
દરેક વાત ગુપ્ત
પ્લોટ નં. ૧૧૧૪/૧, ઈન્કવાયરી સામે, ઘ-૧૧, સે.૩/ડી,
9725686169

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.